



## ખેડા જિલ્લાનો વણાકબોરી ડેમ ઓવરફ્લો : ૧૧ ગામોને કરાયા એલર્ટ

છેલ્લા બે દિવસથી ચાલુ થયેલા વરસાદના બીજા રાઉન્ડના કારણે મહિસાગરમાં વણાકબોરી ડેમ અને કડાણા ડેમ ઓવરફલો થયા છે. હાલમાં ડેમ ૧૮ ફૂટની સપાટીએ ઓવરફલો થયો હોવાનું જાણવા મળી રહ્યું છે. જેથી આસપાસના ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. કડાણા ડેમમાંથી ૪ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. મહત્વનું છે કે, તેમાનું ૫ લાખ થી વધું ક્યુસેક પાણી મહિસાગર નદીમાં છોડાતા નદીની જળ સપાટીમાં વધારો થયો છે. જેના કારણે વણાકબોરી ડેમની સપાટી ૨ ૩૩ ફૂટે પહોંચી છે. જેથી મહીસાગર નદી કિનારાના ૧૧ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે અને અધિકારીઓએ ગ્રામજનોને ગામમાં જ રહેવાની સૂચના આપી છે.

## પાલનપુરનો રવિ પ્રજાપતિ ધ ગ્રેટ ખલી પાસે રેસલિંગની તાલીમ મેળવે છે

### દાદાનું સપનું સાકાર કરવા પૌત્ર દિલ્હી ખાતે CWF ભાગ લેશે

પાલનપુર, તા. ૨૧

WWEનો સુપરસ્ટાર ધ ગ્રેટ ખલી એવો સ્પોર્ટ્સ પર્સન છે, જેને મુલાકાત કરવાની તક કોઈ ગુમાવવા માંગતું નથી. પરંતુ આવી જ એક તક હાલમાં જ પાલનપુર નો એક યુવાન ને મળી છે ધ ગ્રેટ ખલી સાથે ખૂસ્તી કરી બનાસકાંઠા નું નામ રોશન કરી રહ્યો છે જોઈએ આ ખાસ અહેવાલ

પાલનપુર તાલુકા ના આકૅષણ ગામ માં રહેતો રવિના પરિવાર માટે ખલી ની એકેડમીમાં ફી ભરવા માટે નાણા પણ ન હતા પરંતુ પૌત્રનું સપનું સાકર કરવા માટે દાદાએ પોતાનું મકાન તેમજ દાગીના વેચીને ફી ભરી હતી અને દાદાનું સપનું પૂરું કરવા પૌત્ર રવિ હવે આગામી સમયમાં દિલ્હી ખાતે CWFમાં રમવા જઇ રહ્યો છે જેની ખુશી માં દાદા એ પાલનપુર આકૅષણ ગામ માં મિલન સમારોહ આયોજન કર્યું હતું આ સમારોહમાં રવિ પ્રજાપતિ





રવિ દશરથભાઈ પ્રજાપતિ ને નાનપણ થી જ અભ્યાસ માં કોઈ રૂચિ ન હતી માત્ર ટીવી ના પડદે ભારતીય કુસ્તિબાજ ખલી ને જોવાનો અદ્દભૂત શોખ હતો પરંતુ આ શોખ એક દિવસ હક્કીકત બનશે તેવો વિચાર રવિ અને તેના પરિવારને પણ ન હતો. ધોરણ નવમાં નાપાસ થયા બાદ તેને ઈન્ટરનેટ માધ્યમથી ધ ગ્રેટ ખલી પોતાની રેસલિંગ એકેડમી ચલાવી રહ્યાં છે તેની જાણકારી મળ્યા બાદ રવિએ અપ્લાય કરી હતી બાદમાં સિલેક્સન થઈ જતા રવિએ જાલંધરમાં રેસલિંગ એકેડમીમાં તાલીમ શરૂ હતી એકદમ મધ્યમ વર્ગમાં જિંદગી પસાર કરતા પણ રેલવે માર્ગથી આજે પાલનપુર આવી પહોંચ્યો હતો જ્યાં ગામના લોકો એ વિશેષ સ્વાગત કરી ગામના લોકોએ રવિને વિજયના આશીર્વાદ આપ્યા હતા.

દિલીપ સિંહ રાણાનો જન્મ ૨૭ ઓગસ્ટ ૧૯૭૨ના રોજ થયો છે. જો કે વિશ્વમાં તે ધ ગ્રેટ ખલી તરીકે ઓળખાય છે. તે એક ભારતીય કુસ્તિબાજ છે. તેઓ હાલ ડબલ્યુડબલ્યુઇ માટે કામ કરી રહ્યાં છે. ખલીની એકેડમીમાં હાલમાં ૨૦૦ રેસલર્સ ટ્રેનિંગ લઈ રહ્યા છે જેમાં પાલનપુરના આકેશન ગામના રવિ પ્રજાપતિ પણ બનાસકાંઠા અને રાજ્યનું નામ રોશન કરવા બદલ ગામના લોકો ખુશી અનુભવી રહયા છે.

## પ્રાંતિજ ખાતે મિડિએશન અવેરનેસ પ્રોગ્રામ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ વી.એસ. રાવલ પીટીસી કોલેજ સંકુલમાં મિડિએશન અવેરનેસ પ્રોગ્રામ યોજાયો હતો જેમાં પ્રાંતિજ બાર એસોસિએશન સભ્યો વિધાર્થીઓ ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં અને મિડિએશન અવેરનેસ પ્રોગ્રામ વિષે જાણકારી મેળવી હતી.



પ્રાંતિજ ખાતે સાબરકાંઠા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ હિંમતનગર તથા તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા પ્રાંતિજ મિડિએશન અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મિડિએશન અવેરનેસ કાર્યક્રમના મૃખ્ય વકતા અને મિડિએશન નિષ્ણાંત ડૉ. જયોત્સનાબેન યાજ્ઞિક, સાબરકાંઠા જિલ્લા એડીશનલ જજ પી.વી. જોષી, લીગલ સેક્રેટરી એચ.વી. જોટાણીયા, પ્રાંતિજ સિવિલ જજ ડી.જે. દોશી ઉપસ્થિત રહીને કાયદાકિય માર્ગદર્શન સાથે કોર્ટ ના દ્વારે ગયા વગર પણ મિડિએશન અવેરનેસ દ્વારા સમજોતો થઈ શકે છે અને તે વિષે ડૉ.જયોત્સનાબેન યાજ્ઞિક દ્વારા ઉદાહરણની સાથે માગવદર્શન પુરુ પાડવામાં આવ્યું હતું.

જયારે આ કાર્યકમમાં ઉપસ્થિત વિવિધ ફેકલ્ટીના વિધાર્થીઓએ મિડિએશન અંગે વિસ્તૃત માહિતી સાથે ચર્ચાઓ કરવામાં આવી હતી.



## રાહ સુધી પહોંચ્યું સુજલામ-સુફલામ કેનાલનું પાણી : ખેડૂતોમાં ખુશી

બનાસકાઠા જીલ્લામાંથી પસાર થતી સુજલામ સુફલામ કેનાલનું પાણી રાહ સુધી પહુચી ગયું છે ગત વર્ષે વરસાદી કહેરમાં આ કેનાલ અનેક સ્થળે તૂટી હતી ત્યારે આ વર્ષે સુજલામ સુફલામ સ્પ્રેન્ડીંગ કેનાલનું પાણી અંતરિયાળ ગામ સુધી પહોંચતા ખેડૂતોમાં ખુશી વ્યાપી છે. બનાસકાંઠા જીલ્લામાં અનેક ગામોમાંથી પસાર થતી સુજલામ સુફલામ કેનાલમાં નર્મદાના નવા નીર છોડાતા આ પાણી લાખણીથી આગળ આસોદર થઈને રાહ ગામ સુધી પહુચી ગયું છે. જમીનના તળ ઊંચા આવે તે માટે બનાવાયેલી સુજલામ સુફલામ કેનાલમાં નવા નીરની આવકોથી ખેડૂત આલમમાં ખુશીનું મોજું ફરી વળ્યું છે.

## અરવલ્લી જિલ્લામાં વરસાદનો ત્રીજો રાઉન્ડ યથાવત

### સતત ત્રણ દિવસથી ઝરમર વરસાદી હેલી : ૭૫ ટકાથી વધુ વરસાદ સીઝનનો નોંધાયો

અરવલ્લી, તા. ૨૧

સૌરાષ્ટ્ર અને કચ્છની આસપાસના વિસ્તારોમાં અપરએર સાઈક્લોનિક સરક્યુલેશન સર્જાતા ગુજરાત રાજ્યમાં હળવાથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. અરવલ્લી જિલ્લાના વાતાવરણમાં પલટો આવી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં છુટાછવાયા હળવા વરસાદી ઝાપટા સહિત ઝરમર-ઝરમર વરસાદ શુક્રવારથી શરૂ થતાં લોકોએ બફારા અને ઉકળાટથી રાહત અનુભવી હતી. અરવલ્લી જિલ્લામાં ચોમાસુ સિઝનનો ૭૫ ટકાથી વધુ વરસાદ વરસતા ભૂમિપુત્રોમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે. વાતાવરણમાં ઠંડક અનુભવાતા આહલાદક અનુભુતિ અનુભવતા પ્રજાજનો.

ચાલુ સાલે ચોમાસાની મોસમમાં અમુક વિસ્તારને બાદ કરતા સમગ્ર ગુજરાત રાજ્યમાં મેઘરાજાએ મનમુકીને વરસ્યા હતા



ત્યારે ઉત્તર ગુજરાત સહિત અરવલ્લી જિલ્લામાં પણ ઠેર ઠેર ભારે થી અતિભારે વરસાદ પડ્યો હતો. છેલ્લા દસેક દિવસ કોરૂ કાઢ્યા પછી શુક્રવાર સાંજના સમયે મોડાસા સહિત માલપુર, ધનસુરા તેમજ અન્ય વિસ્તારોમાં વરસાદી ઝાપટા અને સતત ત્રીજા દિવસ સુધી ધીમી ધારે વરસાદ વરસવાનુ યથાવત રહેતા છેલ્લા દસ દિવસ દરમ્યાન વાતાવરણમાં અનુભવેલા બફારા તેમજ ઉકળાટથી આંશિક રાહત અનુભવી હતી. જુલાઈ માસના અંતમાં તેમજ ઓગષ્ટ માસના પ્રારંભમાં મેઘરાજાએ જિલ્લામાં મનમુકીને વરસતા ખેતી માટે ફાયદાકારક વરસાદથી ખેડૂતોમાં આનંદ છવાયો હતો. ત્યારબાદ દસ દિવસ સુધી મેઘરાજાએ વિરામ લેતા ભૂમિપુત્રઓ ખેતીના નિંદામણ સહિત અન્ય કામગીરીમાં પરોવાયા હતા. જ્યારે વરસાદની પાક માટે જરૂરીયાત મુજબ વરસાદની જરૂર પડતા જાણે મેઘરાજાએ તેમની દિલની વાત જાણી લીધી હોય તેમ વાદળછાયુ વાતાવરણ સર્જાયા પછી સતત ત્રણ દિવસથી ધીમી ધારે, હળવા ઝાપટા અને ઝરમર-ઝરમર વરસાદ જિલ્લાના અનેક વિસ્તારોમાં વરસતા ભૂમિપુત્રો મલકાયા હતા. હાલ જીલ્લામાં ૭૫ ટકાથી પણ વધુ વરસાદ પડી ચુક્યો છે. ત્યારે ભૂમિપુત્રો હજુ પણ વધુ વરસાદની આશા રાખીને બેઠા છે. ખરીફ પાકની વાવણી કરી નિરાંતે ધરતીપુત્રો મેઘરાજાની મહેર હજુ વધુ થાય તેવી આશા સેવી રહ્યા છે. જિલ્લાના મોડાસા, માલપુર, મેઘરજ, ધનસુરા, ભિલોડા, બાયડ પંથકના વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

## વિજયનગરમાં ૧૫મીમી વરસાદ અન્યત્ર ઝાપટા

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી જામેલા વરસાદી માહોલ બાદ પણ સંતોષકારક વરસાદ પડતો નથી. જેના કારણે લોકો મેઘરાજાની ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે. દરમિયાન રવિવારે વિજયનગર અને આસપાસના વિસ્તારોમાં ૧૫ મીમી વરસાદ નોંધાયો હોવાનું ડીઝાસ્ટર વિભાગના સૂત્રોમાંથી જણાવાયુ છે.

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, શામળાજી, ગાંભોઈ સહિતના અન્ય વિસ્તારોમાં રવિવારે દિવસ દરમિયાન સામાન્ય વરસાદ પડયો હતો.

જોકે આખો દિવસ આકાશ વાદળોથી ગોરંભાયેલુ રહ્યુ હોવા છતાં કોઈ પણ સ્થળે ભારે વરસાદ પડયો નથી. જેથી જિલ્લાવાસીઓ વરસાદની કાગડોળે રાહ જોઈ રહ્યા છે.

## ઉમીયા માતાજી સંસ્થાનની જનરલ સભા તોફાની બની

ઊંઝા, તા. ૨૧

આજે ઊંઝા ખાતે કડવા પાટીદારોના કુળદેવી ઉમીયા માતાજી સંસ્થાનની યોજાયેલ જનરલ સભા ભારે તોફાની બનતા ભારે હંગામો મચી ગયો હતો. આ સમયે સંસ્થાનના પ્રમુખ નારાયણભાઈ પટેલ (સ્થાનિક ધારાસભ્ય) રાજકીય હોદ્દો ધરાવતા હોવાના મુદ્દે પાટીદારોના એક જૂથે તેમને હટાવવાની ઉગ્ર માંગ સાથે સૂત્રોચ્ચાર થતાં બે જૂથો આમને સામને આવી ગયા હતા અને મારામારી, તોડફોડના વરવા દશ્યો સર્જાતા ભારે નાસભાગ મચી ગઈ હતી. આવી સ્થિતિને લીધે સભામાં હાજર સંસ્થાનના પ્રમુખ સહિત અન્ય હોદ્દેદારો, સભ્યો સભા સ્થળ છોડી ગયા હતા.

આજે ઊંઝા ઉમીયા માતીજી સંસ્થાનની બપોરના બે વાગ્યાના સુમારે જનરલ સભા રાખવામાં આવી હતી. આ સાથે જ આજે ઊંઝા તાલુકાના ચંદ્રાવતી, ટુંડાવ, વરવાડા, વિશોળ, મક્તુપુર, સૂણોક, બ્રાહ્મણવાડા, ઉમેશ વગેરે ગામોમાંથી પાટીદારોની વિશાળ રેલી ઊંઝા ઉમીયા માતાજીના મંદિરે આવી પહોંચી હતી. આમ રેલીમાં આવેલ પાટીદાર સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં હાજર હતા તેવા સમયે જ મંદિર સંસ્થાનના



સભાખંડમાં સંસ્થાની જનરલ સભા યોજવાનું નક્કી થતાં સભાખંડ પાટીદારોથી ખીચોખીચ ભરાઈ ગયો હતો અને ભારે હોહા શોરબકોર શરૂ થયો હતો. જેથી સભાખંડની બહાર મંદિર પરિસરમાં જનરલ સભાનું આયોજન થયુ હતુ. આ સમયે પણ ભારે શોરબકોર, માઈક ચાલુ કરોના હોબાળાની સ્થિતિ ચાલુ રહી હતી. દરમિયાન માતાજી સંસ્થાનના મંત્રી દિલીપભાઈ પટેલ (નેતાજી)એ ભાષણની શરૂઆત કરતાની સાથે જ વધુ હોબાળો થયો હતો અને કથિત એસપીજી ગૃપના માણસો તેમજ ગામડાઓમાંથી રેલીમાં આવેલ પાટીદારો પૈકી કેટલાકે સંસ્થાનના પ્રમુખ નારાયણભાઈ પટેલનો સખ્ત વિરોધ કરી સૂત્રોચ્ચાર કરતા પ્રમુખના સમર્થકો અને એસપીજી સહિતના અન્ય પાટીદારો આમને સામને આવી જતાં મારામારીના વરવા દશ્યો સર્જાયા હતા. મારામારી દરમિયાન ખુરશીઓ ઉછાળવામાં આવી હતી તેમજ મંદિર પરિસરમાં કેટલીક તોડફોડ થઈ હતી. આમ ભારે હંગામો થતા ભારે નાસભાગ મચી ગઈ હતી અને મંદિર સંસ્થાનના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ તથા સભ્યો સભાસ્થળ છોડી ગયા હતા.

## ધાનેરા નગરપાલિકા દ્વારા કથિત ભ્રસ્ટાચાર સોશિયલ મીડિયામાં વાયરલ થતા નગરજનોમાં ચકચાર

ધાનેરા, તા. ૨૧

ધાનેરા ની પ્રજા અનેક સમસ્યાઓ સામે હાલ જજુમી રહી છે ત્યારે ધાનેરા પાલિકા ના સત્તાધીશો પોતાની મસ્તી માં મસ્ત રહે છે ધાનેરા માં ગટરો ની અસુવિધા ગંદકી જેવી અનેક સમસ્યા થી લોકો પીડાઈ રહ્યા છે દેશ ના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દેશ ને સ્વચ્છ બનવવા માટે મોટી મોટી વાતો કરી રહ્યા છે ત્યારે ભાજપ શાષિત ધાનેરા વિસ્તાર માં લોકો ગંદકી થી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને સફાઈ માટે પણ આંદોલન આવેદન પત્ર આપવાની જરૂર પડી રહી છે કાટો સાચેજ દેશ માંથી ગંદકી દૂર કરવી જોઈએ નહીંતર ગંદકી દૂર કરવાના બણગા ફુકવાનું આ સરકાર ને બંધ કરવું જોઈએ આટલુંજ નહિ પણ અત્યારે ધાનેરા નગર પાલિકા ધ્વરા આચરેલા ભ્રસ્ટાચાર નો લેખ શોશિયલ મીડિયા માં ફરી રહ્યો છે અને જો વાત સત્ય હોય તો આવો ભરસચર આચનાર અને લોકો ના પૈસા ઉડાવનાર સામે કાયદેસર ની કાર્યવાહી થાવી જ જોઈએ તેવી લોક માંગ ઉઠવા પામી રહી છે



ધાનેરા નગરપાલિકા ના પૂર્વ પ્રમુખ શ્રી બળવંતજી રાવ ધ્વરા એક ખુલ્લો પત્ર લખી શોશિયલ મીડિયા પર મુકવામાં આવ્યો છે અને જેમાં પાલિકા માં થયેલા ભ્રસ્ટાચાર ની વિગતો પણ લખેલી છે.